# ડીસાના શાક માર્કેટમાં ડુંગળીની સદી સાથે લસણની બેવડી સદી

## ગૃહિણીઓનું રસોડા બજેટ અસ્તવ્યસ્ત : લસણના સ્થાને રાઈના ઉપયોગની મજબૂરી

ડીસા, તા. ૪

સમગ્ર રાજયમાં હાલમાં લસણના ભાવમાં પણ આગ ઝરતી તેજીના પગલે કિલોના ભાવ



૨૦૦ રૂપિયાએ પહોંચી જતા સામાન્ય માનવી માટે લસણ ખાવું દુષ્કર બની જવા પામ્યુ છે.

ધરતી ઉપરનું અમૃત અને આર્યુવેદમાં જેનો ઔષધ તરીકે ઉપયોગ કરવામાં આવે છે તેવા લસણના ભાવમાં છેલ્લા એકાદ માસથી ભારે તેજી જોવા મળી રહી છે. ૪૦ રૂપિયે કિલોના ભાવે વેચાતું લસણ આજે ૨૦૦ રૂપિયાએ પહોંચી જતા રસોડામાં વઘારમાં વપરાતા લસણના સ્થાને હવે ગૃહિણીઓ રાઈનો



ઉપયોગ કરવા મજબૂર બની છે. સમગ્ર રાજયમાં અતિવૃષ્ટિના પગલે ડુંગળી અને લસણના પાકને વ્યાપક નુકસાન થતા ઉત્પાદન ઘટ્યું છે. બીજી તરફ સંગ્રહખોરીના કારણે ભાવોમાં આગ ઝરતી તેજીના કારણે લસણના ભાવો પણ આસમાનને આંબી ગયા છે અને આગામી સમયમાં પણ હજુ ભાવ વધવાની શકયતા જણાઈ રહી છે. તેથી શિયાળાના આરંભે ડુંગળી બાદ હવે લસણ પણ લોકોને રડાવી રહ્યું છે.



## ખેડબ્રહ્મા વોર્ડ નંબર 3 નવીન રસ્તાનુ ખાતમુર્હત

૧ કરોડ ૩૯ લાખના ખર્ચે અદ્યતન રસ્તો ખેડબ્રહ્મા શહેરમા સૌ પ્રથમ વખત બનવા જઈ રહ્યો છે, ત્યારે વોર્ડના ભાજપ ના કોર્પોરેટર નિકુંજ વાય. રાવલ, પાણી પુરવઠા ચેરમેન નગરપાલિકા ખેડબ્રહ્માએ પોતાના વોર્ડનો આ મેન રસ્તો જે વાસણા રોડ તરીકે ઓળખાય છે આ મેન રસ્તાનો ઉપયોગ ઘણા બધાં ગામડાઓને જોડતો માર્ગ હોય આ રસ્તા ની પહોળાઈ વધારી વચ્ચે લાઈટો લગાવી દરેકને ઉપયોગી થાય એ હેતુથી બનાવવાનું નક્કી કરેલ છે. આ રોડ બનવાથી રહીશોને સીટી લેવલનુ અહેસાસ થવાનુ છે અને સ્થાનિક રહીશોમાં ખુશીની લહેર જોવા મળી હતી. દસકા પછી આજે નવા અને યુવા કોર્પોરેટર નિકુંજ રાવલ વોર્ડમા ચૂંટાયા પછી આવો રસ્તો આ વોર્ડમા સૌ પ્રથમ વખત બનવા જઈ રહ્યો છે. આ પ્રસંગે રાજસ્થાન શરાફી મંડળીના ડીરેક્ટર રમેશ વૈષ્ણવ, ભાજપ શહેર પ્રમુખ અરવિંદભાઈ રાવલ, મહામંત્રી ધર્મેન્દ્રભાઈ મહેતા તથા પ્રશાંતભાઈ પટેલ તથા નગરપાલિકાના ઉપપ્રમુખ અરવિંદભાઈ ઠક્કર, તથા વોર્ડના રહીશો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# હવે બિનસચિવાલય કલાર્કની પરીક્ષા રદ નહી થાય : જાડેજા

## જવાબ લેવાની કાર્યવાહી આજથી શરૂ કરાશે : પરીક્ષા મામલામાં સામેલ લોકો સામે કડક કાર્યવાહી થશે

ગાંધીનગર, તા.૪

બિનસચિવાલય પરીક્ષાના મુદ્દે ગાંધીનગરમાં ઉઠેલા આક્રોશ બાદ ગુજરાત સરકાર પોતાનો બચાવ કરવા મેદાનમાં ઉતરી છે. વિદ્યાર્થીઓ તથા સોશિયલ મીડિયા પર ઘેરાયેલી રૂપાણી સરકારનો ભારે વિરોધ થયો હતો અને ઉમેદવારોએ તો ગાંધીનગરમાં ધરણાં પર બેસી બિનસચિવાલય કલાર્કની પરીક્ષામાં ગેરરીતિના પર્દાફાશ બાદ હવે આ સમગ્ર પરીક્ષા જ રદ કરવા ઉગ્ર માંગ ઉઠાવી છે, જેને લઈને મામલો બહુ ગરમાયો છે. ત્યારે ગૃહરાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ સરકારના બચાવમાં ઉતરી વલણ સ્પષ્ટ કર્યું હતું કે, બિનસચિવાલય કલાર્કની પરીક્ષા રદ નહી થાય પરંતુ સમગ્ર પ્રકરણમાં જે કોઈ સંડોવાયેલા હશે કે કસૂરવાર હશે તે તમામની સામે સખતમાં સખત પગલા લેવામાં આવશે. સરકાર કોઈને બક્ષશે નહી. પેપર એક પણ સ્થળ પરથી લીક થયું નથી. જે ૩૯ ફરિયાદો મળી છે, તેના સંદર્ભમાં સંબંધિત લોકોને આવતીકાલથી ગૌણ સેવા પસંદગી મંડળમાં બોલાવીને જવાબ લેવાની કાર્યવાહી શરૂ કરાશે. જે ઉમેદવારોએ પરીક્ષામાં ચોરી કરી છે તેમની સામે એક્શન લેવામાં આવશે. તેમજ સંડોવાયેલા જવાબદાર અધિકારીઓના જવાબ લેવામાં આવશે. સમગ્ર પ્રક્રિયામાં કોઈને પણ છોડવામાં નહિ આવે તેવી હૈયાધારણ ગૃહરાજયમંત્રીએ આપી હતી. ગાંધીનગરમાં હવે બિનસચિવાલય ક્લાર્ક પરીક્ષાનો મુદ્દો ગરમાયો છે. ચોરીના કિસ્સા સામે આવ્યા છે, ત્યારે વિદ્યાર્થીઓ



પરીક્ષા રદ કરવાની ઉગ્ર માંગ સાથે આક્રમક મૂડમાં છે. ત્યારે સરકાર તરફથી ગૃહરાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ વલણ સ્પષ્ટ કરતાં જણાવ્યું કે, અમારી પાસે લેખિત ફરિયાદ આવી છે. ૨૬ જેટલા વોટ્સએપ ચેટિંગની મંડળ સામે રજૂઆત કરાઈ છે. કોંગ્રેસ દ્વારા પણ એક પરીક્ષાર્થી મોબાઈલમાં ઉત્તર લખી રહ્યો છે તેવા ફૂટેજ રજૂ કરવામાં આવ્યા. જુદા જુદા પાંચ જિલ્લામાંથી ૩૯ ફરિયાદો મળી છે. ત્યારે ૩૦૫ બ્લોકના સીસીટીવી ચકાસવાની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે. મોટી સંખ્યામાં ટીમ બેસાડીને જે મોબાઈલથી ચોરી કરતા હતા તેની તપાસ ચાલી રહી છે. હાલ તપાસ અંતિમ તબક્કામાં છે. બે દિવસમાં એક્શન લઈને તેઓને રજૂ કરવામાં આવશે. તેની ચીવટ એટલા માટે આવશ્યક છે કે સાચો માણસ રહી ન જાય તેની તપાસણી મંડળ કરી રહ્યું છે. સીસીટીવીના આધારે બાકીના લોકો પર એક્શન લેવાશે. જે પરીક્ષાર્થીઓએ ચોરી કરી છે તે સંદર્ભમાં તે સંચાલકો અને સુપરવાઈઝર અને ખંડ નિરીક્ષકને બોલાવીને ચોરી કેમ થઈ છે તેની સુનવણી આવતીકાલથી મંડળ દ્વારા કરાશે. ગૃહરાજ્ય મંત્રીએ આ એક્ઝામમાં પાલનપુરમાં થયેલી ફરિયાદ મામલે જણાવ્યું કે, પાલનપુરમાં થયેલી ફરિયાદના સંદર્ભે એફઆઈઆર નોંધવામાં આવી છે. જે લોકોએ વોટ્સએપ પર આન્સર કી મંગાવી હતી, તે વિશે ફરિયાદ થઈ છે. પરીક્ષાર્થી સામે એક્શન લેવાયા છે. પરીક્ષાર્થીએ પેપર હાથમાં આવ્યા બાદ વોટ્સએપ પર મિત્ર પ્રશ્ન મોકલ્યા હતા, સામેથી તેણે જવાબ આપ્યા હતા. બંને લોકોની ધરપકડ કરવામાં આવી છે.

## મોડાસાની "દિલ્હી વેરી" કુરિયરની ઓફિસમાં લૂંટનો ભેદ ઉકેલાયો

# કર્મચારી જ આરોપી નીકળ્યો

મોડાસા, તા. ૪

મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલા પાર્શ્વનાથ આર્કેડ નામના કોમ્પ્લેક્ષમાં આવેલી "દિલ્હીવેરી પ્રાઈવેટ લિમિટેડ" કુરિયર ઓફિસમાં રવિવારે રાત્રીના સુમારે ઓફિસનું શટર ઊંચું કરી ઓફિસમાં રાખેલા ૧.૧૪ લાખથી વધુ રોકડા રૂપિયા અને સીસીટીવી કેમેરાનું ડીવીઆર ઉઠાવી જતા ભારે ચકચાર મચી હતી. મોડાસા રૂરલ પોલીસે ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથ ધરી અજાણ્યા ચોર ઈસમ સામે ગુન્હો નોંધી પ્રારંભિક તપાસમાં કોઈ જાણભેદુ વ્યક્તિ લૂંટમાં સંડોવાયેલ હોવાની માહિતીના આધારે દિલ્હી વેરી કંપનીમાં કામ કરતા ફિલ્ડ સુપરવાઈઝરની પૂછપરછ કરતા નોકરી દરમિયાન કંપનીના રૂપિયા વપરાઈ જતા તેને લૂંટની ઘટનાને અંજામ આપ્યો હોવાનું કાબુલી લેતા પોલીસે ચોરીની લૂંટમાં વપરાયેલ સાધનો, બાઈક અને લૂંટ સહીત ૧.૪૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

મોડાસાની મેઘરજ રોડ પર આવેલા પાર્શ્વનાથ આર્કેડમાં



આવેલી અને ઓનલાઈન પ્રોડક્ટ ડિલિવરીનું કામકાજ કરતી "દિલ્હીવેરી પ્રાઈવેટ લિમિટેડ" કુરિયર નામની કંપનીમાં કામકાજ કરતા સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના સરવણા ગામનો મહિપાલસિંહ નટવરસિંહ વાઘેલા ફિલ્ડ સુપરવાઈઝર તરીકે કામ કરતો હતો. કંપનીના રૂપિયા વાપરી નાખતા તેનીજ ઓફિસમાં લૂંટનો પ્લાન બનાવી રવિવારે રાત્રે બાઈક પર કુરિયરની ઓફિસે પહોંચી શટર જેક અને લોખંડની ટોમી વડે ઉંચુ કરી તિજોરીમાં રાખેલા રોકડા રૂપિયા ૧,૧૪,૭૫૩ ચોરીની ઘટના છુપાવવા ઓફિસમાં લગાવેલ સીસીટીવી કેમેરાનું ડીવીઆર પણ સાથે લઈ રફુચક્કર થઈ ગયો હતો. તેમ છતાં મોડાસા રૂરલ પોલીસે ચોરીના ગુન્હાની ઝીણવટભરી તપાસ કરી ઓફિસના કર્મચારી મહિપાલસિંહ નટવરસિંહ વાઘેલાને દબોચી લેતા પોપટની માફક તેનેજ લૂંટની ઘટનાને અંજામ આપ્યો હોવાની કબૂલાત કરતા લૂંટમાં વપરાયેલ સાધનો, બાઈક અને લૂંટ સહીત ૧.૪૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

મોડાસાની ઓનલાઈન પ્રોડક્ટ ડિલિવરીનું કામકાજ કરતી દિલ્હીવેરી કુરિયર કંપનીનો કર્મચારીજ ચોરીનો આરોપી નીકળતા તેની સાથે કામ કરતા અન્ય કર્મચારીઓ પણ અચંબિત બન્યા હતા અને શરૂઆતમાં તો તેમનો સહકર્મચારી એજ ઓફિસમાં ચોરીની ઘટનાને અંજામ આપ્યો હોવાનું સ્વીકારવું કઠિન બન્યું હતું.

## લાખણીના કોટડા ગામના ત્રણને ખોરાકી ઝેરની અસર

ડીસા, તા. ૪

લાખણી તાલુકાના કોટડા ગામે રહેતા ઠાકોર પરિવારના ત્રણ સભ્યોને ખોરાકી ઝેરની અસર થતા સારવાર અર્થે ડીસાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

લાખણી તાલુકાના કોટડા ગામે રહેતા ઠાકોર પરિવારના ત્રણ સભ્યો બુધવારે પોતાના ઘરે ઘઉંમાં જીવજંતુ ના પડે તે માટે મુકેલી દવાની ટિકડીઓ ભૂલથી ઘઉં ભેગી દળાઈ ગઈ હતી. બાદમાં આ ઘઉંના લોટના રોટલા આરોગતા થોડીવાર બાદ ઘરના ત્રણની તબિયત લથડી હતી અને ઉલટી અને ચક્કર આવવા લાગતા આ તમામને તાબડતોડ સારવાર અર્થે ડીસામાં ડો.કેલાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તમામને તાત્કાલિક સારવાર આપવામાં આવી હતી. જેના પરિણામે ત્રણ સભ્યોને આઈસીયુમાં રાખવામાં આવ્યા છે અને હાલમાં તમામની તબિયત સુધારા ઉપર હોવાનું ડો. કેલાએ જણાવ્યું હતું. કોટડા ગામના ઠાકોર પરિવારના ત્રણ સભ્યોને ખોરાકી ઝેરના કારણે તબિયત લથડતા તાત્કાલિક સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા અને ઈમરજન્સી સારવાર મળતા આ ત્રણની તબિયત હાલ સુધારા ઉપર છે.

## અમદાવાદમાં 'આર્થ્રો વન' સ્પેશિયાલિટી ક્લિનિકનું ઉદ્‌ઘાટન

રમતગમત સંબંધિત ઈજાના નિવારણ અને પુર્નવસનને સમર્પિત ગુજરાતનું પ્રથમ સેન્ટર 'ઓર્થો વન' સ્પેશિયાલિટી ક્લિનિક' હાલમાં જ અમદાવાદ ખાતે લોન્ચ થયું હતું. જેના પરિણામસ્વરૂપ રાજયમાં ઓર્થોપેડિક આર્થોસ્કોપી એક નવા સ્તરે પહોંચી ગઈ છે. રમતવીરો અને ખેલાડીને સર્વેસામાન્ય રીતે થતી ઈજાઓના અસરકારક વ્યવસ્થાપન માટેની રાજ્યની પ્રથમ સમર્પિત ફેસિલિટી ગણાતા આ હાઈટેક સેન્ટરનું ઉદ્‌ઘાટન ગુજરાતના ઉપ મુખ્યમંત્રી નીતિન પટેલના હસ્તે થયું હતું. આ સ્પેશિયાલિટી ક્લિનિકના લોન્ચની જાહેરાત અમદાવાદમાં બુધવારના રોજ કરવામાં આવી હતી.

એમએસ ઓર્થોપેડિક અને અમેરિકાની ન્યૂયોર્ક યુનિવર્સિટીમાંથી સ્પોર્ટસ મેડિસિનમાં માસ્ટર ડૉ. નિલેશ શાહ દ્વારા સ્થાપિત આ સેન્ટર અત્યાધુનિક ઉપકરણોથી તથા શક્ય એટલા ઓછાં વાઢકાપની સાથે રમતગમત સંબંધિત અને ખેલાડીઓને થતી વિવિધ પ્રકારની ઈજાઓનો સર્વસમાવેશી ઈલાજ કરવા માટે તમામ પ્રકારની સુવિધાઓથી સજ્જ છે.

ગુજરાત ક્રિકેટ એસોસિયેશન, એશિયન એન્ડ સ્વિમિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના કન્સલ્ટન્ટ તથા ઈન્ટરનેશનલ સોસાયટી ઓફ આર્થોસ્કોપીની સર્જરી એન્ડ ઓર્થોપેડિક સ્પોર્ટસ મેડિસિનની કમિટીના સભ્ય ડૉ. શાહે જણાવ્યું હતું કે 'સ્પોર્ટ્સ મેડિસિન એ એક નિવારક વિજ્ઞાન છે, જે રમતગમત સંબંધિત ઈજાઓના નિવારણ અને ઈલાજ માટે શક્ય એટલી ઓછી વાઢકાપ કરનારી ઉપચાર પદ્ધતિનો ઉપયોગ કરે છે. મોટાભાગના કિસ્સાઓમાં ઈજાઓનું નિવારણ નોન-સર્જિકલ રીતે કરવામાં આવે છે અને સર્જરીને તૃતીય સ્તરના ઈલાજ તરીકે પસંદ કરવામાં આવે છે. આર્થો વન ખાતે અમે આર્થોસ્કોપી અને સ્પોર્ટ્સ મેડિસિનમાં નિષ્ણાત ડોક્ટરોની એક સમર્પિત ટીમ ધરાવીએ છીએ.

## હેલ્મેટ મરજિયાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

જતી હોય છે. બીજી તરફ હેલ્મેટને સાચવવા અને તેની જાળવણીમાં ઘણી તકલીફ પડતી હોવાની પણ ટુ-વ્હીલરચાલકોની ઘણા સમયથી ફરિયાદ હતી. અમુક કાનૂની જોગવાઈઓને ટાંકીને પણ ટુ-વ્હીલરચાલકો ઘણા લાંબા સમયથી માગણી કરી રહ્યા હતા કે, કમસેકમ શહેરી કે અર્ધ-શહેરી વિસ્તારોમાં ફરજિયાત હેલ્મેટ પહેરવાના નિયમમાં છૂટ આપવામાં આવે. જેને પગલે સરકારે હકારાત્મક અભિગમ અપનાવી આજની કેબીનટેની બેઠકમાં બહુ મહત્વનો અને મોટો રાહતકર્તા નિર્ણય લીધો હતો કે, હવેથી રાજયના શહેરી અને અર્ધશહેરી વિસ્તારોમાં ટુ વ્હીલરચાલકો માટે હેલ્મેટ પહેરવાનો ફરજિયાત રહેશે નહી પરંતુ તે મરજિયાત રહેશે. જો કે, ગુજરાત સરકારની કેબીનેટમાં સ્ટેટ તથા નેશનલ હાઈવે પર વાહન હંકારતા ટુ-વ્હીલરચાલકો માટે હેલ્મેટ ફરજિયાત હોવાનો નિયમ ચાલુ રાખ્યો છે. રાજયના વાહનવ્યવહાર મંત્રી આર.સી.ફળદુએ આ અંગેની સત્તાવાર જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, હેલ્મેટના નિયમના કારણે ખાસ કરીને શેરી અને અર્ધશહેરી વિસ્તારોમાં લોકોને ફીઝીકલીની સાથે સાથે સામાજિક કારણો સહિતના મુદ્દાઓને લઈ ભારે અગવડ અને પ્રતિકૂળતા રહેતી હતી. હેલ્મેટના કારણે રાજયમાં પોલીસ સાથે લોકોના ઘર્ષણની પણ છૂટીછવાઈ ઘટનાઓ સામે આવી હતી. એટલું જ નહી, સોશ્યલ મીડિયામાં પણ આ મુદ્દે ભારે નારાજગી પ્રવર્તી હતી, લોકોએ પણ સરકાર સમક્ષ આ અંગે આકરી રજૂઆતો પહોંચાડી હતી. ઉપરોક્ત તમામ મુદ્દાઓ ધ્યાને લઈ સરકારે આખરે શહેરી અને અર્ધ શહેરી વિસ્તારોમાંથી ટુ વ્હીલરચાલકોને હેલ્મેટ પહેરવામાંથી મુક્તિ આપી છે. હાઈવે પર વાહનની ગતિ કલાકના ૫૦ કિ.મી.થી પણ વધુ રહેતી હોય છે. આ સંજોગોમાં અકસ્માત થાય તો ટુ-વ્હીલરચાલકને માથામાં ઈજા પહોંચવાનું જોખમ વધી જાય છે. આ સંજોગોમાં હાઈવે પર ટુ-વ્હીલરચાલક માટે હેલ્મેટ ફરજિયાત પહેરવાનો નિયમ ચાલુ રખાયો છે. આ નિયમના ઉલ્લંઘન પર દંડની જોગવાઈ પણ ચાલુ રહેશે.

## શરતી જામીન

● અનુસંધાન પહેલાનું ચાલુ

નેતૃત્વમાં ત્રણ સભ્યોની બેંચે આજે ૭૪ વર્ષના ચિદમ્બરમને જામીન આપી દીધા હતા. બે લાખ રૂપિયાના જામીન બોન્ડની સાથે સાથે બે બાંહેધરી આપવા માટે કહેવામાં આવ્યુ છે. જે આટલી જ રકમની રહેનાર છે. કોર્ટે આદેશ કર્યો છે કે ચિદમ્બરમ પરવાનગી વગર મુસાફરી કરી શકશે નહીં. જસ્ટીસ એએસ બોપન્ના અને રિશિકેશ રોયસેટની બનેલી બેંચે ૧૫મી નવેમ્બરના દિલ્હી હાઈકોર્ટના આદેશને ફગાવી દીધો હતો. દિલ્હી હાઈકોર્ટે પૂર્વ નાણાંપ્રધાનને જામીન આપવાનો ઈન્કાર કરી દીધો હતો. છેલ્લા ગમા સમયથી તિહાર જેલમાં રહેલા પૂર્વ નાણાંપ્રધાન અને કોંગ્રેસના વરિષ્ઠ નેતાઆજે આખરે સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળી ગયા હતા. તેમના વકીલ કપિલ સિબબ્બલ સાથે તેમના પુત્ર કાર્તિ દ્વારા મુલાકાત પણ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતા પહેલા કહ્યુ હતુ કે આર્થિક અપરાધ ખુબ ગંભીર હોય છે. જામીન અંગે નિર્ણય કેસના મેરિટ પર આધાર રાખે છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે આર્થિક અપરાધ ખુબ ગંભીર હોય છે પરંતુ આવા કેસામાં જામીન માટે કાયદાકીય જોગવાઈ રહેલી છે. સીબીઆઈ દ્વારા સાક્ષીઓને અસર થઈ શકે છે તેને લઈને વિરોધ કર્યો હતો. સીબીઆઈ તરફથી દલીલ કરવામાં આવી હતી કે ચિદમ્બરમની ઉપસ્થિતી જ સાક્ષીઓને ડરાવવા અને ધમકાવવા માટે પુરતી છે. મની લોન્ડરિંગના આરોપમાં પાંચમી સપ્ટેમ્બરના દિવસે ચિદમ્બરમની ધરપકડ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે ગયા ગુરુવારના દિવસે ચુકાદો અનામત રાખ્યો હતો. આઈએનએક્સ મિડિયા ગ્રુપને ૨૦૦૭માં ૩૦૫ કરોડ રૂપિયા વિદેશી ફંડ મેળવવાના સંદર્ભમાં અનિયમિતતા જોવા મળી હતી. એવું જાણવા મળ્યું હતું કે, ફંડ માટે મંજુરી આપવામાં એફઆઈપીબીમાં ગેરરીતિ આચરવામાં આવી હતી. એ વખતે નાણામંત્રી તરીકે પી ચિદમ્બરમ હતા. સીબીઆઈએ મે ૨૦૧૭માં ચિદમ્બરમની સામે એફઆઈઆર દાખલ કરી હતી. છેલ્લા ૧૦૬ દિવસથી ચિદમ્બરમ કસ્ટડીમાં હતા. તેમની અનેક વખત પુછપરછ કરવામાં આવી હતી. આ પહેલા આ જ કેસમાં તેમના પુત્ર કાર્તિની પણ પુછપરછ કરવામાં આવી હતી. અત્રે નોંધનીય છે કે, પૂર્વ કેન્દ્રિય નાણામંત્રી ચિદમ્બરમની ૨૧મી ઓગષ્ટના દિવસે મોડી રાત્રે પુછપરછ બાદ તેમના આવસ પરથી ધરપકડ કરી લેવાઈ હતી. આની સાથે જ હાઈડ્રામાબાજીનો અંત આવ્યો હતો. તે પહેલા પૂર્વ નાણામંત્રીની આવાસ પર હાઈડ્રામાની સ્થિતિ જોવા મળી હતી. સીબીઆઈ અને ઈડીના અધિકારીઓ ચિદમ્બરમના આવાસ પર પહોંચ્યા હતા.

## આંતરિક માર્ગોની સુધારણા...

● ત્રીજા પાનાનું ચાલુ

આયોજન કરવામાં આવતુ નથી. જુના સેકટરોના આંતરિક માર્ગોની દરખાસ્ત પણ લાંબા સમયના અંતે અધ્ધરતાલ છે. જુના સેકટરોમાં માર્ગ સુધારણા માટે વારંવાર સ્થાનિક નાગરિકો દ્વારા પ્રબળ માંગણી કરવામાં આવે છે. બીજીતરફ શહેરમાં માર્ગ સુધારણાની મંજુર કામગીરી પણ ટલ્લે ચઢી છે. ગત માર્ચ મહીના દરમિયાન સે-૬ થી ૮ ના આંતરિક માર્ગોનુ કામ હાથ ધરવા માટેના કામને મંજુરી આપવામાં આવી હતી. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૪ કરોડના ખર્ચને પણ મંજુર કરાયો છે. જયારે સમય જતા આ કામ સરકારી પ્લાન્ટના આધારે કરવાનો પણ નિર્ણય લેવાયો હતો. ચોમાસાના અંતે આ કામ હાથ ધરવામાં આવ્યુ ન હતુ ત્યારબાદ સેકટરોમાં નવરાત બાદ દશેરાથી રસ્તાના કામો હાથ ધરવા માટે પણ આયોજન કરાયુ હતુ. પરંતુ માર્ગ સુધારણાની કામગીરી મંજુર થયાના એક વર્ષ બાદ પણ યથાવત સ્થિતિમાં છે.

## મનના ઉમંગો

● ચોથા પાનાનું ચાલુ

પડેલું. સવાર પડતાં પહેલાં એકવાર ઊઠી હું વૉશરૂમમાં જઈ પાણી પી જરાક આડો પડ્યો. ત્યાં કદાચ ચાર વાગ્યા હશે અને અમારું બારણું ખખડ્યું. હું દરવાજા પાસે જ સૂતેલો અને જાગતો હતો એટલે તરત ઊભા થઈ દરવાજો ખોલ્યો. ચાની કીટલી અને પેપર કપ લઈને એક છોકરો ઊભેલો. મને કહે," ચાય લેની હૈ સાહિબ ?'' મને આવી ચા પીવાની આદત નહીં. મારા સાથીઓય મારા જેવા જ હશે એવો મને ભ્રમ હતો. એટલે હું એને ના કહી. બારણું બંધ કરી પાછો વળું એ પહેલા મારો એક સાથી પથારીમાંથી હડફ દઈને બેઠો થઈ ગયો અને કહે, " કોણ ચાવાળો હતો ? અરે યાર, પાછો બોલાવો એને. '' મેં હા હા કરતાં ફરી દરવાજો ખોલ્યો. ચાવાળો હજી આઘો ગયો ન હતો. એને પાછો બોલાવ્યો.સાથીદાર તો પથારીમાંથી બેઠો થઈ ગયો. બેઠા બેઠા એણે છોકરા જોડેથી ત્રણચાર કપ ઝપટાવીને લઈ લીધા. નીચે જમીન પર ગોઠવીને કહે, "આ બધા ભરી દે.'' આ માણસ પાંચ મિનિટ પહેલાં ઘસઘસાટ ઊંઘતો હતો એ વાત કોણ માને ? મારી સામે જોઈને કહે, "સવારમાં ચા આવે તો લઈ જ લેવાની. અમારો તો વિચાર કરો યાર !'' આ સાથીદાર ચાનું નામ સાંભળીને પથારીમાંથી જે રીતે ઝપ દઈને ઊભો થઈ ગયો એનું મને આશ્ચર્ય થયું. બીજો સાથીદાર એમ કેવળ ચાનું નામ સાંભળીને બેઠો થાય એમાંનો ન હતો. એ તો સાક્ષાત ચા દેવી એના ઉદરમાં પ્રવેશે નહીં ત્યાં લગણ પથારીનો ત્યાગ કરી શકે જ નહીં એ માંહ્યલો હતો. બેડ ટીનું મહત્વ કેટલું છે તે મને આ પ્રવાસ પછી જ બરાબર સમજાયું.

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯

મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા

ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality

KisaN ®

ashirvad

Jaquar — experience bathing

DR. FIXIT

TATA — STEEL • PIPES • SHEETS

ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.

હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)

જુના દાગીનાનું પુરૂ વળતર

N. C. Zaveri (શેરથાવાળા)

GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.

૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯

શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)

૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.